ભારતીયસમાજમાં સાહિત્ય અને સંસ્કૃતી

Dr. Trupti K Vyas
Department of Gujarati
Adhyapak Sahyak
S B Garda college (Arts) &
P.K Patel Commerce of College Navsari

માનવ સમાજ નો વિકાસ એક ભવ્ય અતિ પ્રાચીન ઉત્ક્રાંતિની ઘટનામાંથી થયોછે . મનુષ્ય આપૃથ્વી પર આવ્યો ત્યારે એક અસામાન્ય ઘટના હતી પરંતુ , મનુષ્યએ અમુક સિક્કાઓ સુધી સંઘર્ષ કરી આ બ્રહ્માંડમાં પોતાનું સ્થાન બનાવ્યું તે તેમણે પોતાની શક્તિ, બુદ્ધિ અને સાહસના બળે મનુષ્યએ બધુ પ્રાપ્ત કરતો થયો હજારો વર્ષ લાગ્યા અને કુદરત સાથે તેના સંઘર્ષ દરમિયાન અનેક એવી ઘટનાઓ પછી માનવ સમૂહ વસવા લાગ્યો પરંતુ ,મનુષ્ય મનુષ્યને જોડતો જો કોઈ સેતુ કે તંતુ હોય એવો જો પ્રશ્ન થાય છે. મનુષ્ય જ્યારે આદિ માનવ હતો ત્યારે કોની સાથે સંપર્કમાં હશે આવા અનેક પ્રશ્નો ઉદ્ભવે છે પરંતુ આ પ્રશ્નના જવાબમાં કહીએ તો પ્રત્યાયન એ મહત્વનું છે વ્યક્તિ વચ્ચેના સંપર્ક એ પ્રત્યાયનને કારણે થાય છે અને આ પ્રત્યાયન નું માધ્યમ એટલે ભાષા છે. પ્રત્યાયન ને કારણે એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે ભાષા દ્વારા વાતચીત કરી પોતાની સંસ્કૃતિની ઓળખ આપે છે અને આ સાહિત્ય દ્વારા જ થાય છે.

સાહિત્યનેચૌદ વિદ્યામાં વેચવામાં આવ્યું છે તેમાં ચાર વેદ , મીમાંસા ,ધર્મશાસ્ત્ર , ન્યાય શાસ્ત્ર પુરાણ, પ્રાચીન ગ્રંથો સ્મૃતિઓ આમ વૈદિક , પૌરાણિક તથા લોકિક જે પણ સમાજમાં સાહિત્ય દ્વારા જ પ્રાપ્ત થાય છે આપણા પૌરાણિક ગ્રંથો તેમજ વેદો દ્વારા સાંસ્કૃતિક વૈભવ અને વારસો આપણે જોઈ શકીએ છીએ આમ વ્યક્તિના જીવન સાથે સંકળાય સમાજ અને સંસ્કૃતિનું સાહિત્ય દ્વારા જ નિરૂપણ થાય છે.

સમાજ એટલે પરસ્પર ના સંબંધો દ્વારા એક વ્યક્તિ અન્ય વ્યક્તિ કે સમૂહ સાથે જોડાય અથવા એક વ્યક્તિ કોઈ એક સમૂહ સાથે પરસ્પર વ્યવહારથી જોડાય એટલે સમાજ નહીં પણ, જ્યારે એ સમૂહ પરસ્પર વ્યવહાર કાર્ય અને સહકારની ભાવના દ્વારા સંબંધોમાં જોડાય અને તે મૂલ્યોનું જતન કરે ત્યારે તેને સમાજ કહેવામાં આવે છે.

સમાજ તો વ્યક્તિ શાળા, ધર્મ, રાજકારણ, અર્થ વ્યવસ્થા કે વ્યવસાય વગેરે ક્ષેત્રમાં જોડાયેલો હોય છે આ તમામ તબક્કાઓમાંથી પસાર થતા અન્ય વ્યક્તિઓના સંપર્કમાં આવે છે ત્યારે નવા જ્ઞાન વિચારો દ્વારા સમાજમાં નવા પરિવર્તનો પણ લાવે છે, સમાજ સ્થિર રહેતો નથી તેમાં પરિવર્તન આવે છે .આ પરિવર્તન જીવનની દિશા બદલે છે આપણે ત્યાં વૈદિક કાળથી જ સામાજિક જીવનનું મૂળ આધાર કુટુંબને ગણાય છે સમાજમાં કુટુંબ વ્યવસ્થા એક આગવી ઓળખ છે આપણે ત્યાં ભારતીય સંસ્કૃતિ એ સમન્વયની ભાવના મહત્વપૂર્ણ હોવાથી સમાજમાં સંયુક્ત કુટુંબની પ્રથા જોવા મળે છે, કુટુંબની સમગ્ર વ્યવસ્થા પૈસાને આધારે નહીં પણ નિસ્વાર્થ પ્રેમ ને આધારે અહીં સાંસ્કૃતિક મૂલ્યોને આધારે જોઈ શકીએ છીએ કુટુંબમાં રહેતા દરેક સભ્યો પોતાની

આજ્ઞાઓનું પાલન કરે છે તેમજ હળી મળીને પરસ્પર પ્રેમ અને સાહનુભૂતિ ની ભાવના વિશેષ જોવા મળે છે. ભારતીય સમાજમાં ઉત્સવ ને પ્રાધાન્ય આપવામાં આવે છે કારણકે ભારતમાં વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે, આ ઉજવણી સમાજમાં રહેતો વ્યક્તિ સંસ્કૃતિના મૂલ્યને આધારે અન્યવ્યક્તિ સાથે જોડાયને કરે છે. ભારતીય સમાજમાં ઉત્સવ એવેદકાલીન સમયથી પરંપરાગત ઉજવતા રહ્યા છે. જેમાંએક પેઢી થી બીજી પેઢી સુધી આ વારસો જળવાઈ રહે છે.

સમાજમાં રહેતો વ્યક્તિ સર્વ ધર્મ સમભાવની ભાવના રાખી દરેક તહેવાર ,ઉત્સવ, રીત રિવાજો, રૂઢિ અને પરંપરામાં માને છે. દરેક ઉત્સવ સાથે જોડાયેલી ધાર્મિક શ્રદ્ધા અને આધ્યાત્મિક સંવેદના પાછળ સંસ્કૃતિ કારણભૂત બને છે આમ સમાજમાં રહેતો વ્યક્તિ પોતાની સંસ્કૃતિ ને જાળવી રાખવા ઉત્સવ તહેવાર રિવાજો ને આનંદ દ્વારા પ્રગટ કરે છે અને ત્યારે ભારતીય સમાજનું દર્શન થાય છે. આમ સમાજમાં જોવા મળતી ઉત્સવની પ્રધાનતા જ સંસ્કૃતિને મૂલ્યવાન બનાવે છે . સમાજમાં જોવા મળતી કુટુંબ વ્યવસ્થા જ્ઞાતિ વ્યવસ્થા આશ્રમ વ્યવસ્થા અને ઉત્સવોની પ્રધાનતા દ્વારા જ સંસ્કૃતિનું દર્શન થાય છે.

સંસ્કૃતિ એટલે કોઈ એક સમાજને જીવન જીવવાની વિશિષ્ટ રીત જેમાં સમાજમાં રહેતો વ્યક્તિ તેની પરંપરા મુજબ ધર્મ કલા પ્રેમ ઉત્સવ તહેવારો આ તમામ મૂલ્યોનું જતન કરી તેને અનુકરણ કરવું એટલે સંસ્કૃતિ

સંસ્કૃતિ શબ્દ' સમ +કૃ ' ધાતુ પરથી આવેલો છે. સમ યગ કૃતિ : એટલે સંસ્કૃતિ જેના દ્વારા વ્યક્તિ તેના આચરણમાં એના મૂલ્યો દ્વારા તેનું જીવન સુંદર બનાવે છે આ મૂલ્યોનું આચરણ આદર્શો દ્વારા કરે છે.

ભારતીય પરંપરાના સોળ સંસ્કાર છે. સંસ્કાર એટલે મનુષ્યને ઉન્નત બને તેનું ઉધરવીકરણ કરે તેઓ વિશિષ્ટ પ્રકાર ગુણ આ પ્રકારના ઉત્તમ ગુણો કે સંસ્કારના સમન્વયથી સંસ્કૃતિનું નિર્માણ થાય છે. કોઈપણ સમાજની સંસ્કૃતિ જેટલી ઉન્નત અને ચિરંજીવ તેટલું જ તે પ્રજાનું જીવન ઉન્નત અને ચિરંજીવ રહે છે તે સમાજના સાંસ્કૃતિક વારસાને તેના વિકાસના પ્રાણભૂત તત્વ તરીકે જોઈ શકીએ છીએ.

સંસ્કૃતિમાં રહેલો સમ નો અર્થ થાય છે સારી રીતે અને કૃતિ એટલે કરવું આમ સંસ્કૃતિનું સામાન્ય અર્થ થાય છે. સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત પરિમિત અને પરિષ્કૃત એવી ભાવ સ્થિતિનો બોધ કરાવે છે સમાજમાં રહેતો વ્યક્તિ તે સંસ્કારો દ્વારા સંસ્કૃત બને છે આ શું સંસ્કૃત એ વ્યક્તિને

સમાજનું ઘડતર કરે સંસ્કૃતિનું નિર્માણ કરે છે આમ સંસ્કૃતિના પાયામાં માનવ અને માનવ સમાજ એ મહત્વપૂર્ણ આધારશીલા છે. સંસ્કૃતિ વિના માનવ જીવનની કલ્પના કરી શકાય એમ નથી. સંસ્કૃતિ એ મનુષ્યના જન્મથી લઇ મૃત્યુ સુધી તેની સાથે ગાઢ રીતે સંકળાયેલી રહે છે મનુષ્ય ના શરીર થી માંડી સમષ્ટિ સુધી સંસ્કરણ નું કામ તે હર્ષથી કરે છે આપણે જોઈએ છીએ કે જન્મ, નામકરણ ,અન્નપ્રાશન ઉપનીય સંસ્કાર, લગ્ન શ્રીમંત અને મરણ જેવા સંસ્કારોનું મહત્વ વ્યક્તિ તેના જીવનમાં લાવજે આ સંસ્કારો સાથે સંગીત કલા નૃત્ય નું પણ સમાવેશ કરે છે . મનુષ્ય પોતે સંસ્કૃતિના વિવિધ પરિપક્ષોથી પોતાની જાત જીવન તથા સમગ્ર જગતને જાણવાના માણવાના અને પ્રમાણવાના પ્રયત્નો કરે છે આ પ્રયત્નો દ્વારા મનુષ્યએ પોતાના જીવનનેઉતમ બનાવે છે એ ગુણો તેને મળે છે. આ ગુણો એ જીવન ચિંતનની સરાણે ચડીને અંતે સંસ્કાર નું સ્વરૂપ ધારણ કરે છે આવા વિવિધ સંસ્કારો ના સંચયથી સંસ્કૃતિનું ઘડતર થતું હોય છે આમ માનવ જીવનના વ્યાપક અનુભવો દ્વારા સંસ્કારોનું મૂલ્ય વધતું રહે છે અને એ રીતે સંસ્કૃતિની સીમાઓ પણ ઉત્તરોત્તર વધતી રહે છે આથી સંસ્કૃતિનું સ્વરૂપ દિન પ્રતિ દિન વિકસતું રહે છે અને પરિણામે સંસ્કૃતિનું સ્વરૂપ વ્યાપક ફલક પર વિસ્તારતું જોવા મળશે.

કોઈપણ સમાજ કે પ્રદેશ તે પોતાની સંસ્કૃતિનું સ્વરૂપ તેના સમાજ પ્રમાણે રીત રિવાજ પ્રમાણે રહેણી કરણી ધાર્મિક માન્યતાઓ , સમાજ જીવન વિશિષ્ટ સંસ્કારો તેનું શિક્ષણ ઉત્સવ તેની વ્યવસ્થા આ વ્યવસ્થામાં ઐતિહાસિક પરિબળો પણ સમાવે છે આ તમામ બાબતો કે સમાજના ઘડતર થતું હોય છે.

દરેક સમાજને પોત પોતાની સંસ્કૃતિ હોય છે પોતાની ભાવનાની એ મૂર્તિ એક સંસ્કૃતિના પરિધમાં રહેલા લોકોના જીવનના ફલક ઉપર તે દર્શાવે છે. સમાજમાં રહેતો વ્યક્તિ તે સંસ્કૃતિના મૂલ્ય આધારિત પોતાની એક વિશિષ્ટ ઓળખ આપે છે જેમાં તે જે સમાજમાંથી આવ્યો છે ત્યાંના તહેવારો રિવાજો પરંપરાવો રૂઢિઓ મૂલ્યો ને પણ મહત્વ આપે છે.

સમાજ અને સંસ્કૃતિ એકબીજાથી અલગ નથી સમાજ દ્વારા સંસ્કૃતિનું સર્જન થાય છે, સમાજમાં રહેતો વ્યક્તિ પોતાના રૂઢિ રિવાજ ને તેમજ નીતિ બોધ સમજવાનો ભાવ પ્રેમ ભાવના કલા જીવન મૂલ્યો સાચવીને જ સંસ્કૃતિને જાળવી રાખે છે.

સાહિત્ય દ્વારા સમાજ અને સંસ્કૃતિનું

સાહિત્ય હંમેશા સ્થળ અને કાળના સ્પંદનો જીલે છે એ સમયના સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક વારસાને લઈ પોતાના સાહિત્ય સર્જનમાં રજૂ કરે છે, સમાજનો એક વ્યક્તિ છે, જે

સમાજમાં બનતી ઘટનાઓથી પોતે અને એનું કુટુંબ પ્રભાવિત થાય છે આમ કોઈપણ વ્યક્તિના વર્તન અને વ્યવહાર પાછળ જીવનમાં બનેલી અથવા અનુભવ થયેલી કોઈ ઘટનાઓની અસર તેના પર રહી જાય છે આ અસરથી સાહિત્યકાર અજાણ રહી શકતા નથી સાહિત્યમાં તે સમાજના પ્રતિબિંબો લઈને આવે છે , મધ્યકાળ યુગમાં નરસિંહ મહેતા પોતાના પદોમાં ભક્તિ અને જ્ઞાન વૈરાગ્ય નો મહિમા લાવ્યા છે ત્યારે તેમનું વૈષ્ણવજન તો તેને રે કહીએ , જે પીડ પરાઈ જાણે રે,' આ પદ દ્વારા સમાજમાં રહેતો વ્યક્તિ જે ભક્તિ કરે છે જે કોઈ સંપ્રદાયમાં માને છે તો તેનામાં ક્યાં ક્યાં દૂર ગુણો ના હોવા જોઈએ એ વાત ને અહીં સાહિત્ય દ્વારા રજૂ કરવામાં આવે છે તેમજ આખો પણ તેવા પ્રપંચ પાખંડી લોકો પર વ્યંગ અને કટાક્ષ કરી તેના છપ્પાજોઈ શકાય છે

દલપત નર્મદ યુગમાં તો સમાજ સુધારણા નો યુગ કહી શકાય છે. નર્મદ સ્વતંત્રતાની લડાઈ માટે ફના થઈ જવાની વાત કરે છે તેમની કાવ્ય પંક્તિ' સહુ ચાલો જીતવા જંગ, બ્યુગલો વાગે છે; યા હોમ કરીને પડો ફતે હ છે આગે. આમ વીર રસ શૌર્ય અને ઉત્સાહ સાથે જંગ લડવાની વાત તેમજ જય જય ગરવી ગુજરાત પંક્તિ દ્વારા ગુજરાતનો મહિમા વર્ણ આવ્યો છે ગુજરાતની સંસ્કૃતિનું તે કાવ્યમાં દર્શન થાય છે . તો દલપતરામ પોતાના કાવ્ય ઊંટ કહે આ સભામાં અને અંતે આપના અઢાર એટલે કે નિંદાખોર વ્યક્તિ સામે નિર્દેશ કર્યો છે સમાજમાં રહેતા કેટલાક લોકો જે બીજાઓને નિંદાઓ કરતા આનંદ વ્યક્ત કરે છે.

આમ સમાજ અને સંસ્કૃતિનું નિરૂપણ સર્જક સાહિત્ય દ્વારા કરે છે સાહિત્યકાર સમાજ સાથે સંકળાયેલી દરેક વ્યક્તિના જીવન કુટુંબ શિક્ષણ જ્ઞાતિ તેમ જ આસપાસનું વાતાવરણ અને સ્થળ કાળ સાથે સંસ્કૃતિ નું નિરૂપણ કરે છે જેમાં વારસો , રૂઢિઓ રિવાજો પરંપરા એ મહત્વની રહે છે.

મધ્યકાલીન સાહિત્યમાં સ્ત્રીને ઘણી વખત પરંપરાગત ભૂમિકા ઓમાં રજૂ કરવામાં આવે છે જ્યારે આધુનિક સાહિત્ય માં સ્ત્રીઓની સ્વતંત્રતા શિક્ષણ વ્યક્તિત્વ અધિકાર એટલે કે સ્વ ની ઓળખ એ પ્રશ્નો ઉપસ્થિત થાય છે આનું કારણ સમય પરિવર્તન અને સમયની સાથે સંસ્કૃતિમાં પણ પરિવર્તન જોઈ શકે છે. વર્ષા અડાલજા ના નારી વાદી સાહિત્ય દ્વારા તેમની નવલકથા વાર્તા માં સ્ત્રી માત્ર અબળા તરીકે નહીં, પરંતુ પોતાના અસ્તિત્વ અને સ્વાભિમાન માટે મથતી જોવા મળે છે.

આમ સાહિત્ય દ્વારા જ સમાજ નો ચિતાર મેળવી શકાય છે, અને સંસ્કૃતિનું મૂલ્ય સમજી શકાય છે. સાહિત્યકાર આદર્શો અને મૂલ્યોનો વિસ્તૃત પરિચય તેના સર્જનમાં કરાવે છે ત્યારે વાચક વર્ગ તે મૂલ્યો સંસ્કૃતિ થી અભિમુખ થાય છે આમ સંસ્કૃતિ એક અનુપમ દ્રષ્ટિ કોણ બની રહે છે.

આમ સાહિત્ય સમાજ અને સંસ્કૃતિ ત્રણ અલગ અલગ હોવા છતાં પરસ્પર જોડાયેલા જોઈ શકાય છે, સમાજ સાહિત્યને સામગ્રી આપે છે એ સામગ્રી મેળવી સાહિત્યકાર તેના સર્જનમાં સંસ્કૃતિ મૂલ્યો અને આદર્શો તેમજ પરંપરાઓ ને કલાત્મક રીતે અભિવ્યક્ત કરે છે.

જ્યારે સમાજ પરિવર્તન થાય છે ત્યારે સંસ્કૃતિમાં પરિવર્તન જોઈ શકાય છે. પરંતુ પરંપરા મુજબ પેઢી દર પેઢી સંસ્કૃતિની જાળવણી તેના મૂલ્યોનું જતન યોગ્ય રીતે કરવામાં આવે તો એ વારસો બની જાય છે.

આમ ,સાહિત્ય ,સમાજ અને સાંસ્કૃતિ એક -બીજા થી અવિભાજય છે . સમાજ સાહિત્યને જીવનસામગ્રી આપે છે ,અને સંસ્કૃતિ તેના મૂલ્યો અને પરંપરા આપે છે.

સંદર્ભ સૂચી

(૧) સાહિત્ય અને સમાજ -વિદ્યુત જોશી

(૨) સાહિત્યનું સમાજશાસ્ત્ર -ભરત મહેતા

(૩) ભારતીય સંસ્કૃતિનો કેન્દ્રસ્થ ભાવનાત્મક ખ્યાલ -ડો કેતન કાનપરિયા